

## શ્રી છોટુભાઇ પુરાણી[1]

જીવનકવનઃ તેમનો જન્મ ૧૩ મી જુલાઇ, ૧૮૮૫ના રોજ માતા ઇચ્છાબેનની કુખે ડાકોરમાં થયો હતો. પિતા બાલકૃષ્ણ પુરાણીની નોકરીના સ્થળ જામનગરમાંથી પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરી સને ૧૯૦૦માં મેટ્રિક પાસ થઇ અમદાવાદ કોલેજમાં દાખલ થયા. કોલેજમાં ટેનિશની રમતમાં વધુ પડતું ધ્યાન અને મોજશોખને કારણે નાપાસ થયા, પરંતુ આ ઠોકરથી ચેતી અભ્યાસમાં મન પરોવ્યું. આ સમયગાળામાં વ્યાયામપ્રેમી યશવંત ગણેશ પંડિત સાથે પરિચય થતાં વ્યાયામની પ્રેરણા લઇ નિયમિત કસરત શરૂ કરી. સને ૧૯૦૨માં ચંચળ લક્ષ્મી સાથે નડિયાદમાં લગ્નગ્રંથિથી જોડાયા. સને ૧૯૦૩માં ઇન્ટર પાસ કરી વધુ અભ્યાસ અર્થે વડોદરા કોલેજમાં જોડાયા. અહીં સહ-અભ્યાસી મિત્રો તરીકે કનૈયાલાલ મુનશી, છોટાલાલ સુતરીતા, વામનરાવ નિકતે હતા. તે સમયે શ્રી અરવિંદ કોલેજમાં પ્રાધ્યાપક હતા. સને ૧૯૦૫માં બી.એ.ની પરીક્ષા પાસ કરી આ સમયે વનસ્પતિશાસ્ત્રના વિષયમાં આખી યુનિવર્સિટીમાં પ્રથમ આવી “વાસુદેવ નારાયણ પ્રાઇઝ” મેળવ્યું. સને ૧૯૦૭માં મુંબઇની સેન્ટ જેવિયર્સ કોલેજમાં એમ.એ.માં બીજા વર્ગ સાથે પરીક્ષા ઉત્તીર્ણ કરી મુંબઇથી વડોદરા આવી વડોદરા રાજ્યના રાજબાળકોની શાળામાં થોડો સમય કામ કર્યુ. ત્યારબાદ વડોદરાની કલાભવનમાં અધ્યાપક તરીકે જોડાયા. શ્રી અરવિંદની વિચારસરણીથી પ્રભાવિત થયેલા શ્રી છોટુભાઇ પુરાણી તારીખ ૮,૯,૧૦ જાન્યુઆરી ૧૯૦૮માં શ્રી અરવિંદ અને તેમના નાના ભાઇ બારીન્દ્ર ઘોષને દેશસેવાના કાર્ય માટે માર્ગદર્શન મેળવવા રૂબરૂ મળ્યા. મુલાકાત દરમ્યાન બંગભંગની ક્રાંતિકારી ચળવળનાં કાર્યો અખાડા પ્રવૃત્તિ દ્વારા કેવી રીતે થાય તેનો વિગતે ખ્યાલ મેળવી મુલાકાતના અંતે છોટુભાઇએ ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિ દ્વારા દેશસેવા માટે મરજીવા યુવાનો તૈયાર કરવાનો સંકલ્પ કર્યો.

### વ્યાયામ જ્યોતિર્ધર શ્રી છોટુભાઇ પુરાણી

વ્યાયામ પ્રવૃત્તિ શરૂ કરતાં પહેલાં તે અંગે પુખ્ત વિચારણા કરતાં સૌ પ્રથમ વ્યાયામની તાલીમ મેળવી તૈયાર થવાનું નક્કી કર્યુ. એ માટે છોટુભાઇ તેમના નાના ભાઇ અંબુભાઇ પુરાણી, નાજુકલાલ ચોક્સી વગેરેએ વ્યાયામની તાલીમ મેળવવા વડોદરામાં કુસ્તી, મલખમ વગેરેના દાવો શીખવા માટેનાં પ્રયાસો કર્યા, પરંતુ ઉસ્તાદી અખાડાને કારણે વ્યાયામ અંગેનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરી શક્યાં નહિ. પરંતુ છોટુભાઇ પુરાણીના મિત્ર વામનરાવ નિકતેના પ્રયાસોથી બાબુરાવ ફણસલકર મારફતે વ્યાયામ પ્રવૃત્તિમાં કુસ્તીના વિવિધ દાવો વગેરેનું જ્ઞાન મેળવ્યું. શ્રી છોટુભાઇ પુરાણીએ ‘સારી સંતતિ’ અને ‘ઉષ્મા’ જેવા પુસ્તકો લખી એક લેખક તરીકે વ્યાયામ અને શિક્ષણ ક્ષેત્રે આગવી પ્રતિભા ઊભી કરવાનો પ્રયાસ કર્યો. શ્રી છોટુભાઇ પુરાણીને તેમના એક વિદ્યાર્થી લક્ષ્મીનાથે “વક્તૃત્વ શિક્ષણ સમિતિ” માં પ્રવચન આપવા માટે નિમંત્રણ આપ્યું. શ્રી છોટુભાઇ પુરાણીએ તેમના પ્રવચનમાં કહ્યું કે “કેવળ જોશીલાં ભાષણો કરવાથી કાંઇ થાય નહિ, પરંતુ કાંઇક વ્યવહારુ કામ હાથ ધરવાથી દેશની સારી સેવા થઇ શકે.”[1] ત્યારબાદ તેમણે દેશની આઝાદી માટે સશક્ત, મજબૂત, હિંમતવાન યુવાનો તૈયાર કરવા માટે વ્યાયામ પ્રવૃત્તિની જરૂરિયાત સમજાવી અને તે શરૂ કરવા માટે અપીલ કરી. લક્ષ્મીનાથે પોતાની વાડાની જગ્યા વ્યાયામમંદિર માટે બક્ષિસ આપવાની ઇચ્છા વ્યક્ત કરી. આ જગ્યા વ્યાયામ પ્રવૃત્તિ માટે અનુકૂળ જણાતાં ૧ લી મે, ૧૯૦૯ રામનવમીના શુભદિને વડોદરાના શેઠ હરિભક્તિના હસ્તે “લક્ષ્મીનાથ વ્યાયામમંદિર” નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. અનેક મુશ્કેલીઓ વચ્ચે વ્યાયામમંદિરોમાં યુવાનોને વ્યાયામની તાલીમ આપી તૈયાર કર્યા. વ્યાયામશાળાના વાર્ષિકોત્સવ સમયે યુવાનોએ વ્યાયામની વિવિધ પ્રવૃત્તિઓનું સુંદર નિદર્શન રજૂ કરી સૌને પ્રભાવિત કર્યા. આ વ્યાયામમંદિરમાં આવનાર યુવાનોને તન, મન સાથે ચારિત્ર, સમાજસેવા ,દેશસેવા, અને ત્યાગની ભાવના દૃઢ કરી. વ્યાયામની સાથે સાથે ચર્ચા સભા, હસ્ત લિખિત માસિકો, સાહસિક પ્રવાસો, મર્દાનગી ભરી રમતો, પુસ્તકાલય, ટેકરીયુદ્ધ, લાંબા અંતરની દોડ જેવી સ્પર્ધાત્મક પ્રવૃત્તિ ઉપરાંત સહકારી ભંડાર જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી.

શ્રી છોટુભાઇ પુરાણીએ તેમના લઘુબંધુ અંબુભાઇ પુરાણીને વ્યાયામ પ્રવૃત્તિ માટે ખૂબ કાળજીપૂર્વક તૈયાર કર્યા. તેમણે મનોમન નક્કી કર્યુ કે વ્યાયામ પ્રવૃત્તિનો પ્રચાર-પ્રસાર અંબુભાઇ મારફતે જ કરવો. અબુંભાઇએ શ્રી છોટુભાઇના મનોરથ પૂર્ણ કરવા ઉચ્ચ કક્ષાની વ્યાયામની તાલીમ મેળવી યુવાનોને વ્યાયામની તાલીમ આપી તૈયાર કરવાની જવાબદારી અત્યંત નિષ્ઠાપૂર્વક સંભાળી સફળતાપૂર્વક પાર પાડી.

સને ૧૯૧૦ નવેમ્બરમાં શ્રી છોટુભાઇ પુરાણી લાહોરની દયાનંદ એંગ્લો વૈદિક કોલેજમાં વનસ્પતિ અને જીવવિજ્ઞાનના અધ્યાપક તરીકે જોડાયા. ત્યાં રહી અનેક સાથે પરિચય કેળવી દેશસેવા, સમાજસેવા અને વ્યાયામ વિશેનું ઘણું જ્ઞાન સંપાદિત કર્યુ. લાહોરમાં રહી અખાડામાં યુવાનોને વ્યાયામ પ્રવૃત્તિ તરફ આકર્ષ્યા તેમજ વડોદરાના લક્ષ્મીનાથ વ્યાયામમંદિરના કાર્યકરોને સતત પત્ર દ્વારા માર્ગદર્શન આપતાં રહ્યાં તેમજ વેકેશનમાં વડોદરા આવી વ્યાયામમંદિરના કાર્યકરો તેમજ તાલીમ મેળવનાર યુવાનોને સતત માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરતા.

ભરૂચના અંબાશંકર મલજી વડોદરાની લક્ષ્મીનાથ વ્યાયામમંદિરની પ્રવૃત્તિથી પ્રભાવિત થઇ ભરૂચમાં પણ આવી પ્રવૃત્તિ શરૂ થાય તે માટે શ્રી છોટુભાઇને મળી આવી વ્યાયામ પ્રવૃત્તિ ભરૂચમાં શરૂ કરવા જરૂરી તમામ મદદ કરવાની ખાતરી આપતાં શ્રી છોટુભાઇને તેમનું સ્વપ્ન સાકાર થતું હોય તેમ લાગતાં તેમણે ૨૦ મી એપ્રિલ. ૧૯૧૩ના રોજ હનુમાન જયંતિના પવિત્ર દિવસે અબુંભાઇ પુરાણીના હસ્તે “બટુકનાથ વ્યાયામમંદિર”ની સ્થાપના કરવામાં આવી. આ વ્યાયામમંદિરની પ્રવૃત્તિઓ સતત ધબકતી રહે તે માટે પત્ર દ્વારા તેમજ રૂબરૂ મુલાકાત દ્વારા જરૂરી માર્ગદર્શન આપતા રહેતા હતા.

શ્રી છોટુભાઇ પુરાણી સને ૧૯૧૬માં લાહોરની નોકરી છોડી વડોદરા વ્યાયામ પ્રવૃત્તિના સથવારે દેશસેવાની પ્રવૃત્તિમાં જોડાયા. ગુજરાત કેળવણી મંડળ તરફથી વ્યાયામ પ્રચારની યોજના ઘડવા માટે “વ્યાયામ કમિટિ” નીમાયેલી જેમાં ડૉ. સુમંત મહેતા, શ્રી છોટુભાઇ પુરાણી અને અંબાલાલ મૌલા આ કમિટિના સભ્યો હતા. આ કમિટિએ જૂના અખાડામાં ફેલાયેલી ગુંડાગર્દીને દૂર કરી “આદર્શ વ્યાયામમંદિરો” ગુજરાતમાં સ્થાપવાની તેના માટે તાલીમબાજ કાર્યક્ષમ પ્રચારક રોકવાની ભલામણ કરેલી. સને ૧૯૧૭માં યશવંતરાય જોષીને સજોદ ગામ જિલ્લા ભરૂચમાં મોકલી ગ્રામોદ્ધારની પ્રવૃત્તિઓ શરૂ કરાવી. ૧૮ મી ડિસેમ્બર ૧૯૧૭ના રોજ નડિયાદમાં અંબુભાઇ પુરાણી દ્વારા વ્યાયામમંદિર શરૂ કરાવ્યું. સને ૧૯૧૮માં ભરૂચની ન્યુ ઇંગ્લીશ સ્કૂલનું સંચાલન પોતાના હસ્તક લઇ આ સ્કૂલમાં વ્યાયામ કાર્યકરોને સમાવ્યા જેથી શાળાના વિદ્યાર્થીઓ વ્યાયામ પ્રવૃત્તિઓમાં સારા તૈયાર થયા. ભરૂચ કેળવણી મંડળની સ્થાપના શ્રી છોટુભાઇ પુરાણીએ કરી તેના દ્વારા ક્રાંતિકારી માનસવાળી, ખડતલ, અને સ્વાશ્રયી નાગરિકો ઘડતી રાષ્ટ્રીય કેળવણી આપવાનો પ્રયત્ન કર્યો. તેમાં બાળશિક્ષણથી માંડીને કોલેજ સુધીનો અભ્યાસક્રમ હતો. મોન્ટેસરી શિક્ષણનું પ્રથમ પુસ્તક પણ છોટુભાઇ પુરાણીએ જ પ્રગટ કર્યુ હતું. આમાં વિદ્યાર્થીને મેટ્રિક સુધીમાં ફરજિયાત કોઇ એક ધંધાનું જ્ઞાન હોવું જોઇએ તેવો આગ્રહ રખાતો હતો. આ સમયે વિદ્યાપીઠ અસ્તિત્વમાં આવતાં ભરૂચ કેળવણી મંડળ વિદ્યાપીઠ સાથે જોડાયું. વિદ્યાપીઠના સ્થાપનાકાળથી શ્રી છોટુભાઇ તેની કાર્યવાહક સમિતિના સભ્ય હતા, પરંતુ સાત-આઠ વર્ષ બાદ વિદ્યાપીઠના બંધારણમાં “અહિંસા”ની કલમ ઉમેરાતાં શ્રી છોટુભાઇએ વિદ્યાપીઠના તમામ હોદ્દાઓ પરથી રાજીનામું આપ્યું ત્યારે ગાંધીજીએ કહ્યું “છોટુભાઇ પોતાની માન્યતામાં હંમેશાં પ્રામાણિક અને સાફ દિલના આદમી છે.”[2]

---

[1] ‘પુરાણી બંધુઓની ક્રાંતિકારી ચળવળ’. લેખકઃ પ્રવિણકાંત મો. શાહ. પૃ. ૨૭૧.

[2] ‘વ્યાયામ વિભૂતિઓ’ લેખકઃ નારણભાઇ રે. પટેલ. પ્રકાશકઃ શ્રી જયંતિલાલ આચાર્ય, પ્રમુખ શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ નારેશ્વર. પૃ. ૬૦.

સને ૧૯૧૯માં ઇન્દુલાલ યાજ્ઞિકના પ્રયાસો અને શ્રી છોટુભાઇ પુરાણીની પ્રેરણાથી અમદાવાદમાં "સારંગપુર સાર્વજનિક વ્યાયામમંદિર"ની સ્થાપના અંબુભાઇ પુરાણીએ કરી હતી. પુરાણી મંડળના વ્યાયામપ્રેમી કાર્યકરો શ્રી છોટુભાઇના કહેવાથી પ્રેરાઇને ગ્રામોદ્ધારની સેવામા. જોડાઇ ગયા. જ્યાં જ્યાં આ વ્યાયામ પ્રેમી કાર્યકરો ગ્રામોદ્ધારની પ્રવૃતિ કરતાં ત્યાં ત્યાં તેમણે વ્યાયામ પ્રવૃત્તિઓ પણ વિકસાવી ઉપરાંત સામાજિક સુધારણા, નાતજાતનાં ભેદો, સંપ, શિસ્ત, સહકાર, સેવાની ભાવના વિકસાવવામાં પુરાણી મંડળનો સક્રિય ફાળો રહેલો હતો.

**"વ્યાયામ પ્રવૃત્તિ દ્વારા યુવા શક્તિનું સંગઠન શ્રી છોટુભાઇ પુરાણીએ કરી બતાવ્યું."**

સને ૧૯૨૨માં શ્રી છોટુભાઇ પુરાણીની પ્રેરણાથી પુરાણી મંડળના કાર્યકરોએ ભરૂચ જિલ્લાના હાંસોટ ખાતે સાર્વજનિક વ્યાયામશાળા સ્થાપી હાંસોટ અને આજુબાજુના ગ્રામ્યવિસ્તારોના યુવાનોને સંગઠિત કરી વ્યાયામની તાલીમ આપી દેશસેવાના કાર્યમાં જોડાઇ શકે તેવા યુવાનો તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યુ. લક્ષ્મીનાથ વ્યાયામમંદિરના આદર્શને નજર સમક્ષ રાખી ગુજરાતભરમાં ગુજરાતના વિવિધ સ્થળોએ શરૂ થયેલાં વ્યાયામમંદિરોને સંગઠિત કરવા નવેમ્બર માસની ૧૩, ૧૪, ૧૫ મી તારીખના દિવસો દરમ્યાન નડિયાદ, ખેડા, વડોદરા વગેરે વ્યાયામમંદિરોના કાર્યકરોની હાજરીમાં દરેક વ્યાયામમંદિરને સાંકળવા મધ્યસ્થ સંસ્થા ઊભી કરવાનું નક્કી કર્યું. સને ૧૯૨૩માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ડૉ. ચંદુભાઇ દેસાઇના નેતૃત્ત્વ હેઠળ ભરૂચ જિલ્લામાંથી અનેક વ્યાયામ પ્રેમી કાર્યકરો જોડાયા અને સફળ નેતૃત્ત્વ પૂરું પાડ્યું. ગુજરાત વ્યયામ પ્રચારક મંડળ દ્વારા વ્યાયામ મંડળનું કામચલાઉ બંધારણ ઘડવામાં આવ્યું હતું

સને ૧૯૨૪માં જાણીતા કેળવણીકાર કરુણાશંકર ભટ્ટે છોટુભાઇ પુરાણી અને તેમના સાથી વ્યાયામ પ્રેમી કાર્યકરોને બોલાવી કોસિન્દ્રામાં વ્યાયામમંદિર શરૂ કરવા ટહેલ નાખતાં પુંજાલાલ પાસે ત્યાં વ્યાયામમંદિર શરૂ કરાવડાવી તેમને જવાબદારી સોંપી જે તેમણે સફળતાપૂર્વક પાર પાડી. આ સાલમાં અંબુભાઇ પુરાણી કાયમી વસવાટ પોંડિચેરી આશ્રમમાં કરતાં વ્યાયામની સઘળી જવાબદારી શ્રી છોટુભાઇ પુરાણી પર આવી જે એમણે સફળતાપૂર્વક પૂર્ણ કરી બતાવી. સને ૧૯૨૬માં ભરૂચ ખાતે સેવાશ્રમમાં રાષ્ટ્રીય શાળા શરૂ કરી. આ શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વ્યાયામની તાલીમ આપી સેવાકીય કાર્યમાં જોડ્યા. સને ૧૯૨૭માં ગુજરાતમાં અતિવૃષ્ટિના કારણે ભયંકર રેલ સમયે શ્રી છોટુભાઇ પુરાણી તેમના વ્યાયામ કાર્યકરો સાથે અસરગ્રસ્તોની વહારે પહોંચી નિઃસ્વાર્થભાવે રાહતકાર્ય સંભાળ્યું. સને ૧૯૨૮ની મે માસની ૫-૬ તારીખે નડિયાદ મુકામે શ્રી રાવજીભાઇ પટેલ તથા અનેક વ્યાયામ પ્રેમીઓના સહકારથી શ્રી છોટુભાઇ પુરાણી "પ્રથમ ગુજરાત વ્યાયામ પરિષદ" સફળતાપૂર્વક પાડતા. પ્રથમ ગુજરાત વ્યાયામ પરિષદને સંબોધવા રાષ્ટ્રીય નેતા સુભાષચંદ્રએ પ્રેરણાદાયક ઉદ્દ્બોધન કર્યું હતું. આ પરિષદ સમયે શ્રી છોટુભાઇ પુરાણીએ સમગ્ર ગુજરાતના ઉસ્તાદી તથા બિનઉસ્તાદી વ્યાયામમંદિરોને એક તાંતણે જોડવાનો અને તેના કાર્યક્રમમાં એકસૂત્રતા લાવી. મધ્યસ્થ સંસ્થા તરીકે ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળની બંધારણીય રચના કરવા પ્રયાસ કર્યો હતો, પરંતુ ઉસ્તાદી અખાડાઓના કાર્યકરોના વિશેષના કારણે મંડળની રચના બીજી પરિષદ સુધી મુલત્વી રહી હતી.

ભરૂચના સેવાશ્રમમાં આવતાં જિલ્લાના ગરીબ, બીમાર, અસહાય લોકોની વિના મૂલ્યે સેવા કરવાના કાર્યની સુવાસે સને ૧૯૨૯માં સેવાશ્રમના ટ્રસ્ટી તરીકે શ્રી છોટુભાઇ પુરાણીની વરણી કરવામાં આવી હતી. સને ૧૯૩૦માં ગાંધીજીની દાંડીકૂચને સફળ બનાવવાની ભરૂચ જિલ્લાની જવાબદારી સ્વીકારી દાંડીકૂચને સફળ બનાવવામાં પ્રશંસનીય સેવાઓ આપી. સને ૧૯૩૧ થી ૧૯૩૩ દરમ્યાનની લડતની ચળવળોમાં છોટુભાઇ પુરાણી અને તેમના સાથી કાર્યકરોએ બારડોલી સત્યાગ્રહની લડતને સફળ બનાવવામાં ભારે જહેમત ઉઠાવી હતી. સને ૧૯૩૫ વડોદરા મુકામે વ્યાયામ કાર્યકરોની એક સભા મળી. આ સભામાં "ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ" ની બંધારણીય સ્થાપના કરવામાં આવી. મંડળના પ્રમુખ તરીકે સર્વ સંમતિથી શ્રી છોટુભાઇ પુરાણીની વરણી કરવામાં આવી હતી. સને ૧૯૩૬ થી ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળનો વિધિવત અમલ શરૂ કરવામા. આવ્યો હતો.

સને ૧૯૩૭માં પ્રાંતિક સ્વરાજ મળતાં મુંબઇ સરકારે સ્વામી કુવલ્યાનંદના પ્રમુખપદે અને શ્રી છોટુભાઇ પુરાણીના ઉપપ્રમુખપદે શારીરિક કેળવણી સમિતિની રચના કરી. આ સમિતિએ (૧) સર્વાંગી કેળવણી અને નાગરિકતાનો આદર્શ, (૨) સલાહકારી સમિતિની આવશ્યકતા, (૩) શાળાઓ માટે શારીરિક શિક્ષણના નિરીક્ષણતંત્રની જરૂરિયાત, (૪) સ્નાતકો માટે ડિપ્લોમા અભ્યાસક્રમ અને નિમ્નસ્નાતક શિક્ષકો માટે ટૂંકા તાલીમ વર્ગો, (૫) શાળામાં શારીરિક શિક્ષણને ફરજિયાત વિષય તરીકે સ્થાન, (૬) રાષ્ટ્રીય રમતો અને વ્યાયામનો સવિશેષ પ્રચાર અને વિકાસ, (૭) વ્યાયામશાળાઓને અનુદાન યોજના, વગેરે અગત્યની ભલામણો કરી.

સને ૧૯૩૭ની મુંબઇ રાજ્ય વિધાનસભામાં ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવી ભરૂચ જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યુ. આ સમયે પ્રાંતિક સ્વરાજ્ય પ્રાપ્ત થતાં મુંબઇમાં કોંગ્રેસની સરકાર રચાઇ. આ રાષ્ટ્રીય સરકારે શારીરિક શિક્ષણને ફરજિયાત બનાવવાનો નિર્ણય લીધો. શ્રી છોટુભાઇ પુરાણીએ વિચાર્યુ કે ફરજિયાત શારીરિક શિક્ષણને સફળ બનાવવા માટે સારા તાલીમબાજ વ્યાયામ શિક્ષકોની જરૂરિયાત ઊભી થશે. આ બાબતની ચર્ચા અમદાવાદના અગ્રણી અને વ્યાયામપ્રેમી ડૉ. હરિપ્રસાદ દેસાઇ અને બળવંતરાય ઠાકોરને જણાવી ગુજરાતમાં વ્યાયામ મહાવિદ્યાલય સ્થાપવાની જરૂરિયાત સમજાવી તેઓને સહમત કર્યા. આ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત મેટ્રિક પાસ વિદ્યાર્થીઓ માટે એક વર્ષની મુદ્દતનો શારીરિક શિક્ષણ ઇન્સ્ટ્રક્ટરનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ કાંકરિયા ખાતે શરૂ કરવામાં આવ્યો. આ વિદ્યાલય સાથે અંબુભાઇ પુરાણીનું નામ જોડવામાં આવ્યું હતું. શ્રી છોટુભાઇએ આ વિદ્યાલયના વિદ્યાર્થીઓને "દેહધર્મ વિજ્ઞાન" વિષયના શિક્ષણ અર્થે આ પુસ્તક તૈયાર કર્યુ જે ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના પહેલા પાઠ્યપુસ્તક તરીકે પ્રસિદ્ધ થયું.

મુંબઇ રાજ્ય સરકારના શારીરિક શિક્ષણ વિભાગને સલાહ આપવાના હેતુથી સ્વામી કુલવયાનંદના અધ્યક્ષ સ્થાને અને છોટુભાઇ પુરાણીના મંત્રી પદે "એડવાઇઝરી બોર્ડ ઓફ ફિઝિકલ એજ્યુકેશન"ની રચના કરવામાં આવી હતી. જેણે શાળામાં શારીરિક શિક્ષણના વ્યવસ્થિત કાર્યક્રમોની યોજના ઘડી, નીતિનિયમો તેમજ અભ્યાસક્રમ તૈયાર કરી વ્યાયામ શિક્ષકોને તાલીમ આપવા મુંબઇ - કાંદિવલિમાં પ્રશિક્ષણ સંસ્થા શરૂ કરી આખા ભારત વર્ષની શાળાઓમાં શારીરિક કેળવણીને વ્યવસ્થિત સ્વરૂપે દાખલ કરવાની પહેલ કરી હતી.

માધ્યમિક શાળામાં વ્યાયામ શિક્ષણને એક વિષય તરીકે સ્વીકારવાથી શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની માંગણી વધતાં ઉનાળામાં યોજવામાં આવતાં "ગ્રીષ્મ વ્યાયામ શિબિર" માં તાલીમ પામેલા વ્યાયામ કાર્યકર્તાઓ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળામાં વ્યાયામ શિક્ષકની ભરતીમાં યોગ્યતા ધરાવતા હતા.

સને ૧૯૪૨ થી ૧૯૪૫ માં રાષ્ટ્રવ્યાપી સ્વાતંત્ર્ય લડતમાં ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના કાર્યકરો જોડાતાં વ્યાયામ મંડળની પ્રવૃત્તિઓ બંધ રહી. સને ૧૯૪૫માં નડિયાદ મુકામે શ્રી છોટુભાઇ પુરાણીના પ્રયાસોથી ગુજરાતના વ્યાયામ કાર્યકરોનું "વિચાર સંમેલન" મળ્યું જેમાં ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળની વેરવિખેર પ્રવૃત્તિઓને પુનઃપ્રસ્થાપિત કરી શરૂ કરવાનું નક્કી કર્યુ.

સને ૧૯૪૭માં રાષ્ટ્રની આઝાદી પૂર્વે ભૂગર્ભ ક્રાંતિકારી ચળવળમાં શ્રી છોટુભાઇ પુરાણી તથા મંડળના અનેક વ્યાયામ પ્રેમી કાર્યકરોનું અનેરુ યોગદાન રહેલું હતું. ૧૫ મી ઓગસ્ટ, ૧૯૪૭માં રાષ્ટ્ર આઝાદ થતાં બદલાયેલી પરિસ્થિતિને કારણે તથા ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળનો મહત્ત્વનો ઉદ્દેશ સિદ્ધ થતાં મંડળે શૈક્ષણિક દ્દષ્ટિકોણ અપનાવ્યો. જેના પરિપાક સ્વરૂપે સને ૧૯૫૦ રાજપીપલા મુકામે ૧૫ મી સપ્ટેમ્બરના રોજ ગુજરાત વ્યાયામ મહાવિદ્યાલયની સ્થાપના થઇ જેને ૨૨મી ડિસેમ્બરે શ્રી છોટુભાઇ પુરાણીજીનું નિધન થતાં તેમની વ્યાયામ ક્ષેત્રની ઉત્કૃષ્ટ કામગીરીને કાયમી સ્મૃતિમાં મઢવા માટે "શ્રી છોટુભાઇ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય" એવું નામાભિધાન કરવામાં આવ્યું હતું.

---

[i] Dr. K J Gohil, Asso. Prof. CPDCPE